# વિશ્વવિહાર

વર્ષ : 16 * અંક 12 * સપ્ટેમ્બર 2014 * કિ ₹ 10




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું નવું પ્રકાશન




ડૉ. કુમારપાળ દેસાઈનું વીર નર્મદ પુરસ્કારથી અભિવાદન કરતા શ્રી હેમરાજ શાહ,
ઉર્દૂ અકાદમીના અધ્યક્ષ સિદીકી તથા મરાઠી લેખિકા વિજયા રાજાધ્યક્ષ



'ઝીણા ઝરમર વરસે મેહ' શીર્ષક હેઠળ કવિ ન્હાનાલાલથી શરૂ થતી
ગુજરાતી કાવ્યયાત્રાની શ્રી અમર ભટ્ટની સંગીતમય પ્રસ્તુતિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
•
email : vishvakoshad1@gmail.com • www.vishwakosh.org
**છૂટક કિંમત રૂ ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ ૧૦૦/-**
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ન્યાયિક નિમણૂકોનું વિષવર્તુળ

કોઈ પણ લોકશાહીના પાયાના એકમો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર છે. ન્યાયતંત્ર નાગરિકો, વિવિધ સંસ્થાઓ અને સરકાર વચ્ચેના મતભેદો અને સંઘર્ષોના મુદ્દે ન્યાય ચૂકવે છે તેથી તે રચના અને કાર્યવાહી બાબતે સ્વતંત્ર અને સ્વાયત્ત રીતે વર્તી શકે તે અનિવાર્ય આવશ્યકતા છે. પ્રત્યેક પક્ષકારને તટસ્થ અને નિષ્પક્ષ ન્યાયની બાંયધરી આવું ન્યાયતંત્ર પૂરી પાડે છે. ન્યાયતંત્રનું સ્વાતંત્ર્ય તેનો શ્વાસ-પ્રાણ છે. આથી બંધારણ થકી સુગ્રથિત ન્યાયતંત્રની વ્યવસ્થા પ્રત્યેક લોકશાહી દેશ કરે છે. ભારતે પણ આવી વ્યવસ્થા સ્વીકારીને ટોચ પર સર્વોચ્ચ અદાલતને સ્થાન આપ્યું છે.

આ સંદર્ભમાં ભારતમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક અને બદલીઓ માટે કોલેજિયમ પદ્ધતિ કાર્યરત છે. ૧૯૯૩માં મુખ્ય ન્યાયાધીશ જે. એસ. વર્માના વડપણ હેઠળ સર્વોચ્ચ અદાલતના નવ ન્યાયાધીશોની બનેલી બંધારણીય ખંડપીઠે જણાવેલું કે ન્યાય સરકારથી અલગ છે. બીજું ન્યાય સરકારથી પણ વધુ ઉચ્ચ સ્થાને છે, આથી ન્યાયતંત્રની ટોચની નિમણૂકોમાં સરકારની દખલગીરી ન હોવી જોઈએ. જેથી તટસ્થ અને રાજકીય દબાણ વગરની ન્યાયપૂર્ણ નિમણૂકો કરી શકાય. સરકારી દખલગીરીના નિવારણ-સંદર્ભમાં વર્મા ખંડપીઠે ન્યાયાધીશોની નિમણૂક બાબતે કોલેજિયમ પદ્ધતિની વજનદાર ભલામણ કરી હતી જેનો સ્વીકાર થયો હતો અને ત્યારથી ભારતમાં છેલ્લાં લગભગ વીસ વર્ષોથી આ પદ્ધતિ કાર્યરત રહી. જૂન ૨૦૧૪ના અંતે સર્વોચ્ચ અદાલતમાં ચાર નવા ન્યાયાધીશો નીમવામાં આવ્યા. તેમાં ન્યાયાધીશ આદર્શ ગોયલ, અરુણ મિશ્રા અને જાણીતા ધારાશાસ્ત્રીઓ રોહિન્ટન નરીમાન અને ગોપાલ સુબ્રમણ્યમ્‌નો સમાવેશ થયો હતો. તેમાં ગોપાલ સુબ્રમણ્યમ્‌ના નામ અંગે સરકાર અને સર્વોચ્ચ અદાલત વચ્ચે વિખવાદ પેદા થયો. જે છેવટે કોલેજિયમ પ્રથા પર આવીને અટક્યો.

અહીં કેટલાક પાયાના મુદ્દા ઊભા થયા. એક, ન્યાયાધીશોની નિમણૂકોનો આખરી દોર કોની પાસે રહેવો જોઈએ ? ન્યાયતંત્ર વિ. શાસકોની સ્થિતિ સુધી આ પ્રશ્ન ખેંચાયો. બીજું, આખરી નિર્ણય કોલેજિયમનો હોય કે સરકારનો ? – આ મુદ્દે વિવાદ વધુ વકર્યો. ત્રીજું, ન્યાયતંત્રની સ્વતંત્રતા અને તટસ્થતા બાબતે કોઈ સમાધાન ન થઈ શકે તે સિદ્ધાંત અંગે ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ લોધાએ વચનબદ્ધતા વ્યક્ત કરી. આમ આ વિવાદમાંથી કોલેજિયમ પ્રથા સામે પ્રશ્નાર્થો ઊભા થયા. આ પ્રશ્નાર્થોનો લાભ લઈ મે, ૨૦૧૪માં રચાયેલી ભાજપ સરકારે રચનાની પદ્ધતિ જ આખી બદલી નાંખવાનો વિકલ્પ પસંદ કર્યો. એ માટે કોલેજિયમ પ્રથા રદ કરી રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચ (નૅશનલ જ્યુડિશિયલ અપોઇન્ટમેન્ટ કમિશન – NJAC) રચવાનો પૂરો માર્ગ તૈયાર કરી લીધો. જૂની પદ્ધતિ રદ કરી નવી કાર્યપદ્ધતિ અમલી બનાવવા અંગેના બે ખરડાને ૧૪ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ રાજ્યસભાએ મંજૂર રાખતા (અગાઉ લોકસભાની મંજૂરી ખરડાને મળી જ હતી) સંસદે ઐતિહાસિક પગલું ભરી ન્યાયિક નિયુક્તિ પંચ ખરડો ધ્વનિ મતથી પસાર કર્યો.

અલબત્ત આ બંધારણીય સુધારા-ખરડો હોવાથી હજુ પચાસ ટકા વિધાનસભાઓની મંજૂરી બાકી રહે છે. તે માટે આઠેક માસ જેટલો સમય લાગશે અને ભારતના રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મળે તો અને ત્યારે તે કાયદાનું રૂપ ધારણ કરશે. આ બંધારણીય સુધારા-ખરડાની મુખ્ય જોગવાઈ એ છે કે છ સભ્યોનું બનેલું રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ રચાશે. તેમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશના વડપણ હેઠળ આ પંચ કામ કરશે. તેમાં એક સભ્ય તરીકે સરકારના કાયદામંત્રી સ્થાન પામે છે. આ રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ મુદ્દે કાયદામંત્રીના સભ્યપદની જોગવાઈ ભારે વિવાદાસ્પદ બની છે. તેને કારણે અસાધારણ ઊહાપોહ જાગ્યો છે. આ જોગવાઈ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર તરાપ મારનારી બની રહે તેવો સંભવ છે. ધારાશાસ્ત્રીઓનો મોટો વર્ગ માને છે કે સરકારનો ઇરાદો મલિન છે. ન્યાયતંત્રની નિમણૂકો બાબતે ભવિષ્યમાં સરકારની દખલગીરી ઘણી વધશે. જે સરકાર તેની તરફદારી ન કરનાર ગોપાલ સુબ્રમણ્યમ્ જેવા વરિષ્ઠ ધારાશાસ્ત્રીની હાજરી સાંખી શકતી નથી તે ભવિષ્યમાં ઘણાં આકરાં પગલાં ન્યાયતંત્ર સામે લેશે. કોલેજિયમ પદ્ધતિ રદ કરવી, સરકારના કાયદામંત્રીને રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચમાં દાખલ કરવા – આ બધાં પગલાં સરકારના હેતુની મલિનતા દર્શાવે છે. આથી નવી પદ્ધતિ જનમાનસમાં અને વરિષ્ઠ ન્યાયિક વર્તુળોમાં શંકા પેદા કરનારી બની રહે છે. વાસ્તવમાં એથી ઉચ્ચ ન્યાયાધીશોની નિમણૂકોને રાજકીય પરિમાણ પ્રાપ્ત થાય છે. મે, ૨૦૧૪માં નવી રચાયેલી સરકાર આ બાબતે અત્યંત ઉતાવળિયાં પગલાં ભરી રહી છે. પ્રત્યેક પદ્ધતિને તેના ગુણદોષ હોય જ છે, પરંતુ નવી સરકારે આ મામલે ધીરજથી, દૃઢ વિચારણા સાથે આગળ વધવાની જરૂર છે – એમ તટસ્થ નિરીક્ષકોનો એક વર્ગ માને છે. રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચમાં સરકારી સભ્યનો પ્રવેશ અને તે દ્વારા રાજકીયકરણની પ્રક્રિયાનો ડર અહીં રહે છે. કારણ કાયદામંત્રી આખરે તો રાજકારણી છે. તેઓ પક્ષીય ધોરણોથી કામ કરવા જાણીતા હોય છે. આથી નવી પદ્ધતિ અંગે ભારે દહેશત પ્રવર્તે છે.

એકંદરે નવી પદ્ધતિની રચનાથી સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે અવિશ્વાસની ખાઈ ઊભી થઈ છે. નવી પદ્ધતિમાં સઘળો આધાર સમિતિમાં બેઠેલી વ્યક્તિની વિવેકબુદ્ધિ પર રહે છે. તે ન્યાયિક ધારાધોરણોને સંપૂર્ણ વફાદાર રહી શકશે કે કેમ તે ખરી સમસ્યા છે. એથી ન્યાયતંત્ર અને સરકારના સંબંધો વારે વારે વિવાદનો વિષય બનશે. એમ બને તો ન્યાયિક નિમણૂકોનું વિષવર્તુળ સમગ્ર ન્યાયતંત્રના પાયામાં લૂણો લગાડી શકે તે ભારે મોટું જોખમ અહીં છે જ. અલબત્ત વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ સરકારના આ પગલાને પડકારવાના છે.

**– રક્ષા મ. વ્યાસ**

# વિજ્ઞાન અને વિજ્ઞાની

આજે અહીં ઉપસ્થિત રહેવામાં આનંદ થાય છે. મારી ગુજરાતી ભાષામાં 'બ્રહ્માંડ : એક રહસ્ય અને આધુનિક વિજ્ઞાન' જેવો ગ્રંથ રચાય અને પ્રગટ થાય એનો મને ખૂબ ખૂબ આનંદ છે, એનું મને ભારે ગૌરવ છે. આ ગ્રંથ લખવા માટે સુબોધભાઈને અને વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રગટ કરવા માટે કુમારપાળભાઈને અભિનંદન આપું છું.

આ એક આકર ગ્રંથ છે, સળંગ ગ્રંથ છે. આ ગ્રંથ પ્રકીર્ણ લેખોનો સંગ્રહ નથી. એથી કોઈ પણ ભાષામાં આવો ગ્રંથ રચવો એ ભારે પરિશ્રમનું કાર્ય છે. એથી સ્તો ગુજરાતી ભાષામાં આવા ગ્રંથો વિરલ છે, ઝાઝા નથી, જૂજ છે. આવા ગ્રંથોમાં વસ્તુવિષયની સંકલના કરવાની હોય છે, સુશ્લિષ્ટ એકતા (organic unity) સિદ્ધ કરવાની હોય છે. સુબોધભાઈએ ૨૦૦૯થી ૨૦૧૨ લગી – ત્રણેક વર્ષ લગી – આ ગ્રંથ રચવાનો પરિશ્રમ કર્યો છે એનો હું સાક્ષી છું. જે ગ્રંથમાં વિજ્ઞાનનો વિષય હોય અને ગુજરાતી ભાષા હોય એ ગ્રંથમાં આમ થવું અનિવાર્ય છે. લેખક જો પૂર્ણતાવાદી (perfectionist) હોય, દુરારાધ્ય (fastidious) હોય તો આમ થવું સ્વાભાવિક છે. સુબોધભાઈને આ ગ્રંથમાં જ્યારે ક્યાંક ક્યાંક જે લખાણમાં પૂર્વોક્ત સંકલના અને એકતા સાથે સંવાદિતા નથી એમ લાગ્યું અને અસંતોષ થયો ત્યારે એ લખાણ એમણે બેત્રણ વાર સુધાર્યું, મઠાર્યું હતું અને જ્યારે સંતોષ થયો ત્યારે જ કલમ હેઠી મૂકી હતી.

ફ્રાંસમાં વાચકો અને વિવેચકોને વિજ્ઞાન વિશેની કૃતિના લખાણમાં, સાહિત્યકૃતિના લખાણમાં હોય એવી ગુણવત્તાની અપેક્ષા હોય છે. વિજ્ઞાન વિશેની કૃતિ સાહિત્યની કૃતિ જેવી જ આહ્‌લાદક અને આનંદદાયક હોવી જોઈએ એવો આગ્રહ હોય છે. ફ્રેન્ચ સર્જક જાં કોક્તોએ કહ્યું છે, 'Style is not, as people think, a difficult way of saying simple things, but it is a simple way of saying difficult things' – લોકો માને છે તેમ સરળ વસ્તુઓને દુર્બોધ રીતે રજૂ કરવી એ શૈલી નથી, પણ દુર્બોધ વસ્તુઓને સરળ રીતે રજૂ કરવી તે શૈલી છે. બેધડક કહી શકાય કે આ ગ્રંથમાં એવી ગુણવત્તા અને એવી શૈલી છે. એની ભાષા સાદી છે, એની અભિવ્યક્તિ સુસ્પષ્ટ છે અને એની શૈલી સરળ છે. આવો આહ્‌લાદક અને આનંદદાયક ગ્રંથ રચવા માટે સુબોધભાઈને સવિશેષ ધન્યવાદ.

આ ગ્રંથના શીર્ષકમાં સૂચન છે તેમ આ ગ્રંથમાં વસ્તુવિષય છે બ્રહ્માંડનું રહસ્ય અને તે પણ આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં. પ્રાગ્-ઐતિહાસિક યુગમાં આદિ મનુષ્યે જ્યારે આકાશમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તારાના ભ્રમણની ગતિ, સમુદ્રમાં તરંગોનાં ભરતી-ઓટની ગતિ અને ભૂમિ પર ઋતુઓનાં ચક્રની ગતિ જોઈ હશે ત્યારે એને બ્રહ્માંડના રહસ્યનું ભાન તો થયું હશે પણ એને એ વિશેનું કશું જ જ્ઞાન ન હતું. એટલે વિજ્ઞાનનો સંદર્ભ ન હતો. પછી ઐતિહાસિક યુગોમાં અનેક ઋષિઓ, મનીષીઓ, ફિલસૂફો, ચિંતકો, કવિઓ, સંતો, ધર્મપુરુષો આદિને એમની અંતઃસ્ફુરણા, એમની કલ્પના દ્વારા બ્રહ્માંડના રહસ્યનું જ્ઞાન થયું હતું પણ એને વિજ્ઞાનનો સંદર્ભ ન હતો. પ્રાચીન યુગમાં અઢી હજારેક વર્ષ પૂર્વે ગ્રીસમાં પાયથાગોરસ, આર્કિમીડીસ, યુક્લિડ આદિ વિજ્ઞાનીઓને બ્રહ્માંડના રહસ્યનું જ્ઞાન હતું પણ એમને વિજ્ઞાનનો ઝાંખો-પાંખો સંદર્ભ હતો. પણ છેલ્લી પાંચ-છ સદીથી, પુનરુત્થાન યુગથી આજ લગીમાં કોપરનિક્સ, ગૅલિલિયો, દેકાર્ત, ન્યૂટન, આઇન્સ્ટાઇન આદિ વિજ્ઞાનીઓને બ્રહ્માંડના રહસ્યનું વધુ ને વધુ જ્ઞાન પ્રાપ્ત થતું રહ્યું છે. છેલ્લી અરધી સદીમાં તો અનેક વૈજ્ઞાનિક સાધનસામગ્રીની શોધને કારણે વિજ્ઞાનીઓને જાણે કે બ્રહ્માંડના રહસ્યનું સંપૂર્ણ જ્ઞાન હાથવેંતમાં છે એવું લાગી રહ્યું છે. જ્યાં લગી વિજ્ઞાનીઓને બ્રહ્માંડના રહસ્યનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન માટેની ખોજ ચાલ્યા જ કરશે, તેઓ પૃચ્છા કર્યા જ કરશે, તેઓ પ્રશ્નો પર પ્રશ્નો પૂછ્યા જ કરશે. વિજ્ઞાનમાં પૂર્ણવિરામ નથી, વિજ્ઞાન મનુષ્યની એક માત્ર અંતહીન (open-ended) પ્રવૃત્તિ છે. વિજ્ઞાની શોધક છે, સાધક છે, ચિરંતન શોધક છે, નિરંતર સાધક છે.

વિજ્ઞાનીની પ્રેરણા બ્રહ્માંડના રહસ્ય વિશેના એના વિસ્મયમાં છે, એના આશ્ચર્યમાં છે, એના કુતૂહલમાં છે. એની બુદ્ધિમાં, એની પરાબુદ્ધિમાં, આઇન્સ્ટાઇન કહે છે તેમ his super - intelligence which guides his intelligenceમાં છે. બ્રહ્માંડનાં નિરીક્ષણ, વિશ્લેષણ અને પરીક્ષણની પ્રક્રિયાઓમાં એ સતત સક્રિય હોય છે. એની પ્રવૃત્તિ એ આત્મલક્ષી એવી વૈયક્તિક પ્રવૃત્તિ નથી, પણ પરલક્ષી એવી જાગતિક પ્રવૃત્તિ છે. એ સર્વલભ્ય અને સર્વભોગ્ય પ્રવૃત્તિ છે. એ મનુષ્યજાતિની સહિયારી સંપત્તિ છે. વિજ્ઞાન એ સાંપ્રદાયિક ધર્મ અને સંકુચિત રાજકારણની સરહદોમાં સીમિત નથી. એથી એનામાં ઝનૂન કે હિંસા નથી. વિજ્ઞાની એના નિતાન્ત એકાન્તમાં ઈશ્વર વિશે નહિ પણ ઈશ્વરના સર્જન વિશે, બ્રહ્માંડ વિશે મનન-ચિંતન કરે છે અને એની ફલશ્રુતિ, એની ઉપલબ્ધિ મનુષ્યજાતિને ચરણે ધરે છે. એ સત્યનો સાધક અને શિવનો ઉપાસક છે. સત્ય એનું એકમાત્ર લક્ષ્ય છે અને શિવ એનો એકમાત્ર હેતુ છે. એનો ધર્મ એ માનવધર્મ છે, એનું કર્મ એ નિષ્કામ અને અનાસક્ત કર્મ છે. સાચ્ચે જ વિજ્ઞાની ઋષિ છે, સંત છે. આપણા જેવા સાંપ્રદાયિક અને સંકુચિત સમાજમાં, આપણા જેવી પોચટ અને પલાયનપ્રિય પ્રજામાં વિજ્ઞાન અને વિજ્ઞાનીનું જેટલું મૂલ્ય આંકીએ, જેટલું મહત્ત્વ આંકીએ તેટલું ઓછું છે. અંતમાં આ ગ્રંથ રચવા માટે સુબોધભાઈને અને પ્રગટ કરવા માટે વિશ્વકોશ ટ્રસ્ટના કુમારપાળભાઈને ફરી એક વાર અભિનંદન આપીને વિરમું છું.

**– નિરંજન ભગત**

*(૨૦૧૪ના જુલાઈની ૩૦મીએ વિશ્વકોશભવનમાં ડૉ. સુબોધ ઝવેરીના - 'બ્રહ્માંડ : એક રહસ્ય અને આધુનિક વિજ્ઞાન' પુસ્તકના વિમોચન પ્રસંગે આપેલું વક્તવ્ય.)*

# તથ્યોના ચાહક



હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી

૧૯૩૭થી ૧૯૪૦નાં વર્ષો દરમિયાન જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ભણતો એક યુવક અવાર-નવાર એ નગરમાં આવેલ ઐતિહાસિક ખડકની મુલાકાતે જતો અને તેની પર કોતરેલા મૌર્ય સમ્રાટ અશોક, ક્ષત્રપ રાજા રુદ્રદામા અને ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના શિલાલેખો ઉકેલવાનો પ્રયત્ન કરતો. ચારેબાજુ ફરી ફરીને તે વાંચવાનો પ્રયત્ન કરતો. જતાં-આવતાં લોકો આ યુવકને જોતાં અને અંદરોઅંદર વાત કરતાં કે 'તે પ્રાચીન લિપિ વાંચીને ખડક નીચે દટાયેલો ખજાનો શોધવાનો પ્રયત્ન કરે છે.' એ સાચું કે તે યુવક ખજાનો શોધવાનો પ્રયત્ન કરતો હતો પણ જર-ઝવેરાત કે નાણાંનો ખજાનો નહીં બલ્કે તે શિલાલેખોમાંથી જાણવા મળતાં ઐતિહાસિક જ્ઞાનનો ખજાનો શોધવાનો પ્રયત્ન કરતો હતો. આ જ યુવકે જતે-દહાડે ગુજરાતના પ્રસિદ્ધ ઇતિહાસવિદ અને લિપિવિદ (epigraphist) તરીકે નામના મેળવી. એ યુવક એટલે સ્વ. ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી. જેમનું તા. ૯-૮-૨૦૧૪ના રોજ અવસાન થયું છે.

હરિપ્રસાદ શાસ્ત્રીનો જન્મ ચરોતરના મલાતજ ગામમાં દલપત-યુગના પ્રસિદ્ધ સંત કવિ છોટમ(છોટાલાલ કાલિદાસ ત્રિવેદી)ના કુટુંબમાં તા. ૧૭મી ઑક્ટોબર, ૧૯૧૯ના રોજ થયો હતો. પાંચ ભાઈ-બહેનોમાં તેઓ સૌથી નાના હતા. પ્રાથમિક શિક્ષણ તેમણે મલાતજની એ. વી. સ્કૂલમાં અને માધ્યમિક શિક્ષણ જૂનાગઢની બહાદુરખાનજી હાઈસ્કૂલમાં લીધું. એ પછી જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં સંસ્કૃત(એન્ટાયર)નો વિષય ભણીને બી.એ.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં મેળવી. ત્યારબાદ અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી(ગુજરાત વિદ્યાસભા)ના સંશોધન વિભાગ(વર્તમાન ભો. જે. વિદ્યાભવન)માં એમ.એ.ના અભ્યાસ માટે જોડાયા. એમ.એ.માં તેમને એપિગ્રાફી(અભિલેખ વિદ્યા)નો અભ્યાસ કરવાની તીવ્ર ઇચ્છા હતી. તે માટે સંસ્થામાં કોઈ જ વિષય-નિષ્ણાત ન હતા છતાં તેમણે જાતે પુસ્તકો દ્વારા પ્રાચીન લિપિઓ શીખીને તે વિષયનો અભ્યાસ કર્યો અને એમ.એ.ની ડિગ્રી એપિગ્રાફી અને અર્ધમાગધીના વિષય સાથે દ્વિતીય વર્ગમાં પાસ કરી. પીએચ.ડી. ડિગ્રી માટેનો શોધપ્રબંધ તેમણે પ્રા. રસિકલાલ પરીખના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો. તેમના આ સંશોધનનો વિષય હતો 'Data Supplied by the Sanskrit Inscription of the Valabhi Kingdom'.



૧૯૫૨માં તેઓ ભો. જે. વિદ્યાભવનના અધ્યાપક તરીકે જોડાયા. અહીં તેઓએ ભારતીય સંસ્કૃતિના અધ્યાપક અને તે પછી સંસ્થાના અધ્યક્ષ તરીકે જવાબદારી નિભાવી. તેમના હાથ નીચે કુલ ૨૨ વિદ્યાર્થીઓએ સંશોધન કરીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. તેમના મૌલિક ગ્રંથો, ગ્રંથ-ખંડો તથા સંપાદિત કૃતિઓની કુલ સંખ્યા લગભગ ૯૫ની છે, જ્યારે સંશોધનાત્મક અને પરિચયાત્મક લેખોની સંખ્યા લગભગ ૮૦૦ જેટલી છે. મૈત્રકકાલીન ગુજરાત ભા. ૧, ૨, ભો. જે. વિદ્યાભવન દ્વારા પ્રકાશિત 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ભાગ ૧થી ૯ (સંપાદક) અને શ્રીમદ્ ભાગવત પુરાણની સમીક્ષિત આવૃત્તિ (સ્કંધ ૧થી ૩ અને ૭) તેમના મહત્ત્વના ગ્રંથો છે. ઇતિહાસલેખનમાં તેમના આ પ્રદાનને કેન્દ્રમાં રાખીને ૧૯૬૦નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને અપાયો હતો. ગુજરાત ઇતિહાસ પરિષદની સ્થાપનામાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો હતો. પરિષદના તેઓ પ્રથમ પ્રમુખ અને મૅનેજિંગ ટ્રસ્ટી હતા.

ડૉ. શાસ્ત્રીસાહેબ એક ઉત્તમ સંશોધક અને માર્ગદર્શક હતા. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓનાં લખાણ ચીવટથી અને ઊંડાણથી જોતા. ભાષાશુદ્ધિ અને જોડણીનો આગ્રહ રાખતા. વિદ્યાર્થીઓએ એકત્ર કરેલ dataને આધારે તેની છણાવટ અને વર્ગીકરણ કરીને શોધનિબંધ તૈયાર કરાવતા. તેમના હાથ નીચે પીએચ.ડી. થયેલ ૨૨ વિદ્યાર્થીઓ પૈકી સૌથી છેલ્લો હું હતો. સંશોધન માટે વિદ્યાર્થીઓ પાસે કઠિન મહેનત કરાવતા. એનો અનુભવ મને પણ થયો હતો. થિસિસનાં પ્રકરણો પૂરાં થઈ ગયાં હતાં અને મને હાશ હતી. ત્યારે સાહેબે શિલાલેખો વિશે પરિશિષ્ટ લખવા જણાવ્યું. મેં દલીલ કરી કે, 'સાહેબ થિસિસ તો સ્થાપત્યને લગતો છે, તેમાં શિલાલેખો ક્યાંથી આવે ?' સાહેબે જણાવ્યું કે, 'તમે ૮૯ શિલાલેખોનો ઉલ્લેખ કર્યો છે, તેના આધારે તે લખવાનું છે.' જેમ કે તેમાંથી જાણવા મળતી કાલગણના (chronology), મંદિરના ભાગો, બાંધકામનું ખર્ચ, પ્રતિષ્ઠા-મહોત્સવ, આંકડા માટેના શબ્દ-સંકેતો વગેરે. ડૉ. ભારતીબહેન શેલત પાસે 'કાલગણના'નો વિષય મારે શીખવો પડ્યો અને પછી પરિશિષ્ટ પૂરું કર્યું. આનાથી મને કાલગણના વિશેનું જ્ઞાન મળ્યું.

કિશોરઅવસ્થામાં ડૉ. શાસ્ત્રીસાહેબને ઇતિહાસમાં જરાયે રુચિ ન હતી; પરંતુ અધ્યાપકોએ તેમને તે વિશે રુચિ જગાડી. જૂનાગઢના શૈલલેખને શાસ્ત્રીસાહેબ ગુરુનોય ગુરુ ગણતા. ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી, મુનિશ્રી જિનવિજયજી અને ડૉ. હસમુખ સાંકળિયા જેવા ઇતિહાસકારોની પરંપરામાં શાસ્ત્રીસાહેબે ઇતિહાસના ક્ષેત્રમાં આજીવન કામ કર્યું. ઇતિહાસનાં સાધનોમાં અભિલેખો પર તેમણે વિશેષ કામ કર્યું. લગભગ ૭૦થી વધુ અભિલેખ સંપાદિત કર્યા. એટલે જ પુરુષોત્તમ માવળંકરે તેમના માટે કહ્યું છે,

**(અનુસંધાન ચૌદમા પાને)**

# ડૉ. કુમારપાળ દેસાઈને વીર નર્મદ પારિતોષિક

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી કવિનર્મદના જન્મદિવસ ૨૪મી ઑગસ્ટે વિશ્વ ગુજરાતી ભાષાદિવસ ઊજવે છે. આ પ્રસંગે તેઓ ગુજરાતી ભાષાના સાહિત્યકારને અને એક મરાઠી સાહિત્યકારને કવિ નર્મદ ઍવૉર્ડ, સન્માનપત્ર તથા એકાવન હજાર રૂપિયાનો પુરસ્કાર અર્પણ કરે છે. આ વર્ષનો પુરસ્કાર ગુજરાતી ભાષાના સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને અને મરાઠી સાહિત્યકાર શ્રીમતી વિજયા રાજાધ્યક્ષને ૨૪મી ઑગસ્ટે મુંબઈના રવીન્દ્ર નાટ્યમંદિરમાં એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની સર્જનયાત્રાની વાત કરી હતી અને ચરિત્ર, સંશોધન, બાળસાહિત્ય, પ્રૌઢસાહિત્ય, અનુવાદ, વિવેચન અને પત્રકારત્વનાં સ્વરૂપોમાં કઈ રીતે ગતિ કરી હતી એનો ખ્યાલ આપ્યો હતો. તાજેતરમાં ચાલતી ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં એમણે કેટલીક રસપ્રદ વિગતો આપી હતી. એમણે કહ્યું,

'વિશ્વકોશની રચનાનો પ્રથમ પ્રયત્ન મુંબઈમાં થયો છે. ૧૮૯૧માં માણેકશા એદલજી વાચ્છા અને અરદેશર ફરામજી સોલન નામના પારસી ગૃહસ્થોએ 'સર્વવિદ્યામાલા' નામનો જ્ઞાનકોશ ચાર ભાગમાં તૈયાર કરવાનો પ્રકલ્પ વિચારેલો; પરંતુ પ્રથમ ભાગથી આગળ એમનું કામ ચાલ્યું નહીં. પછી કેટલેક વર્ષે અરદેશર સોરાબજી દસ્તૂર કામદીન નામના ગૃહસ્થની પ્રેરણાથી પારસીઓની જ્ઞાનપ્રસારક મંડળી (ગએઆન પારસારક મંડળી) તરફથી 'જ્ઞાનપ્રસારક' પત્રમાં એક હરીફાઈની જાહેરાત કરવામાં આવી કે 'એન્સાઇ લોપીડિયા બ્રિટાનિકા' પરથી વિવિધ વિષયો પર ગુજરાતી ભાષામાં માહિતી આપતો 'રેસાલો' (હસ્તપ્રત) તૈયાર કરીને મોકલનારમાંથી શ્રેષ્ઠ ઠરે તેને ઇનામ મળશે. આના સંદર્ભમાં પાંચેક 'રેસાલા' મળેલા. તેમાંથી વાર્તાકાર રતનજી ફરામજી શેઠનાનો 'રેસાલો' પસંદગી સમિતિએ શ્રેષ્ઠ ઠરાવ્યો. શેઠનાને રૂપિયા ચારસોનું ઇનામ મળ્યું અને તે 'રેસાલો' પુસ્તક રૂપે 'જ્ઞાનચક્ર' નામથી પ્રસિદ્ધ થયો. તે પ્રમાણે દર વર્ષે ધર્મ, કળા, સાહિત્ય, ઉદ્યોગ, ઇતિહાસ, ભૂગોળ વગેરે વિવિધ વિષયોને લગતાં લખાણો શેઠનાએ લખી મોકલ્યાં. તે પરથી 'જ્ઞાનચક્ર'ના નવ ભાગ ૧૮૯૯થી ૧૯૧૦ દરમિયાન પ્રસિદ્ધ થયા. તે ગુજરાતી ભાષાનો પહેલો સંપૂર્ણ વિશ્વકોશ. દોઢ વર્ષમાં જ એ બધી નકલો ખપી ગયાનું નોંધાયું છે.

આજે જ્યારે ગુજરાતી અને મરાઠી સાહિત્યનો મેળાપ થાય છે, ત્યારે પ્રસિદ્ધ મરાઠી લેખક શ્રીધર વ્યંકટેશ કેતકરનું સ્મરણ થાય છે. ગુજરાતી ભાષામાં વિશ્વકોશ રચવાનો બીજો પણ વધુ વ્યવસ્થિત પ્રયત્ન એમણે કર્યો. તેમણે મરાઠી જ્ઞાનકોશના ૨૩ ગ્રંથો ૧૯૨૧-૧૯૨૯ દરમિયાન તૈયાર કર્યા હતા.



ગુજરાતી વિદ્વાનોની સહાયથી 'ગુજરાતી જ્ઞાનકોશ'ના બે ભાગ ૧૯૨૯-૧૯૩૧ દરમિયાન પ્રગટ કર્યા; પણ પછી તેમના અવસાનને કારણે એ કામ અધૂરું રહ્યું. એ 'ગુજરાતી જ્ઞાનકોશ'ની પ્રસ્તાવના સ્વ. વિદ્યાબેન નીલકંઠે લખતાં અફસોસ વ્યક્ત કરતાં લખેલું કે 'એક શરમની કહાણી છે કે ગુજરાતી ભાષાનો જ્ઞાનકોશ એક મહારાષ્ટ્રિયન ભાઈ તરફથી પ્રસિદ્ધ થાય છે.' વિશ્વકોશ એ સતત ચાલતી શાંતક્રાંતિ છે. એના પચીસ ગ્રંથો પ્રગટ થયા છે. બાળ વિશ્વકોશના પાંચ ભાગ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. ચરિત્રકોશ, નાટ્યકોશ અને પરિભાષાકોશનું કામ ચાલે છે અને એમ કહી શકાય કે જ્યાં સુધી વિશ્વપતિનું શાસન ચાલશે, ત્યાં સુધી વિશ્વકોશ રહેશે.

એમના વક્તવ્યના અંતે જણાવ્યું કે આપણી સર્જનાત્મકતા, સંસ્કાર, સંસ્કૃતિ અને આત્માની અભિવ્યક્તિ માટે માતૃભાષા અનિવાર્ય છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં કહ્યું છે, 'સ્વધર્મે નિધનમ્ શ્રેય' એમ આપણે માટે - 'સ્વભાષામાં નિધનમ્ શ્રેયઃ' છે, કારણ કે માતાના દૂધથી આપણું હાડ મજબૂત થાય છે, તો માતૃભાષાથી પ્રજાની કરોડરજ્જુ મજબૂત થાય છે. આજે સમૂહમાધ્યમોની ભરમાર વચ્ચે પણ સાહિત્યનું સવિશેષ મહત્ત્વ એ માટે છે કે એમાં પ્રજાનું હીર અને સત્ત્વ પ્રગટે છે. માનવ-આત્માનો અવાજ પ્રગટ કરવાની જે ફાવટ સાહિત્ય પાસે છે, તે સમૂહ-માધ્યમોમાં નથી. The spirit of resistant સાહિત્ય દ્વારા જ પ્રગટ થાય છે, તેથી દરેક યુગમાં નિર્ભીક અને સ્વાતંત્ર્ય અવાજ વ્યક્ત થવા માટે સાહિત્યની જરૂર રહેશે.

આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી હેમરાજ શાહે અભિવાદન કર્યું હતું. મહારાષ્ટ્ર રાજ્ય ઉર્દૂ સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ શ્રી મુહમ્મદ ખુર્શીદ સિદ્દીકી તથા બહોળી સંખ્યામાં ગુજરાતી સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રા. શ્રી દીપક મહેતા, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, શ્રી દીપક દોશી તથા સંસ્થા તરીકે સાહિત્યસંસદને જીવનગૌરવ પુરસ્કાર એનાયત થયા. અકાદમીના સદસ્ય સચિવ શ્રી વિશ્વનાથ સાળવીએ આભારવિધિ કરી હતી અને શ્રી મુકેશ દોશીએ સમારંભનું કુશળ સંચાલન કર્યું હતું.

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐

# સવ્યસાચી પ્રતિભાનું અભિવાદન

અમદાવાદના અને ગુજરાતના કલારસિકોને મૃણાલિનીબહેનનો પરિચય તો શું આપવાનો હોય ! ઉપક્રમ ધીરુભાઈની સ્મૃતિમાં અપાતો સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ બીજા વર્ષે પણ યોગ્ય વ્યક્તિને અપાઈ રહ્યો છે તેના આનંદમાં સૌને ભાગીદાર બનાવવાનો છે.

મૃણાલિનીબહેનની આત્મકથા The Voice of the Heart. એમાં એક જગાએ તેઓ નોંધે છે :

'ઇન્દ્રસભામાં એકબીજાથી પ્રદીપ્ત હીરાની ગૂંથણી નજરે પડે. એકમાં જુઓ તો બીજા બધાનું એમાં પ્રતિબિંબ દેખાય.' એક કલાની ઉચ્ચતમ અભિવ્યક્તિમાં સમગ્ર વિશ્વની લીલાનું દર્શન થાય. કલાકારને તે અંદર ચિદાકાશમાં ડોકિયું કરાવે અને તે દ્વારા બહારની અનંત સૃષ્ટિમાં. કલા દ્વારા થતી અનુભૂતિ સમસ્ત વિશ્વ પ્રત્યેની અનુકંપા તરફ દોરી જાય, સૃષ્ટિના હર અંશ માટે સમભાવ થાય. લગભગ એક સૈકા પર વિલસિત જીવનમાં આવી સંવેદના મૂર્તિમંત કરનાર કલાકાર તે મૃણાલિની સારાભાઈ.

There is an element of mysticism about her as a dancer. અનેક વાર એમને કહેતાં સાંભળ્યાં છે, 'કૃષ્ણ મારા પ્રેમાળ મિત્ર છે.' ' હાન' નામે એમણે લખેલ દીર્ઘ ગદ્યકાવ્યની તે પુસ્તિકા છે. મેધાવી સ્વામીનાથન્ કુટુંબમાં પાંચ વર્ષની મૃણાલે માતાને કહ્યું, 'I'm a dancer.' જોકે એ શબ્દો કોઈએ ગંભીરતાથી લીધા નહોતા. માતાએ તો દીકરીને ઑક્સફર્ડ મોકલવી હતી. મક્કમતા આજે પણ એમના ટટ્ટાર વ્યક્તિત્વમાં દેખાય. એ ગુણ નાનપણથી. અઢારેક વર્ષની મૃણાલને સંતોષ ત્યારે થયો જ્યારે માતાએ જાતે જઈને રુક્મિણીદેવીના કલાક્ષેત્રમાં એમને પ્રવેશ અપાવ્યો (૧૯૩૭). ત્યાં ગુરુ તરીકે મુથુકુમાર પિલ્લઈ મળ્યા, જેમણે બધી સૂક્ષ્મતાઓ સાથે એમને ભરતનાટ્યમ્ શીખવ્યું. અધિકારી ગુરુ મળતાં જ મૃણાલિનીબહેનનું વ્યક્તિત્વ આનંદથી છલકાઈ ગયું. આત્મકથામાં તેઓ લખે છે, 'The wild sea on the Chennai beach danced for me, as did the coconut palms of my garden..'

પિતા ડો. સ્વામીનાથન્ બાહોશ વકીલ તરીકે વ્યવસાયમાં વ્યસ્ત. સ્વાતંત્ર્યસંગ્રામ સાથે સંકળાયેલાં માતા અમ્મુ ઓછાં વ્યસ્ત તો નહીં, પરંતુ એમણે પહેલ કરી અને એક વર્ષ પછી મૃણાલને શાંતિનિકેતન મોકલી. ગુરુદેવે એમની પ્રતિભા પારખી અને 'ચિત્રાંગદા' કરવાનું સોંપ્યું. ત્યાર પછી ગાંધીજી આવવાના હતા તેમને માટે 'ચાંડાલિકા' કર્યું. પ્રસન્ન થઈને ગાંધીજીએ પૂછ્યું, 'મને તારું નૃત્ય શીખવીશ ?' વાતનો દોર પોતાના હાથમાં લઈ લેતાં ગુરુદેવે ગાંધીજીને કહેલું, 'You are too old to dance.' મુક્ત નિત્યજીવનમાં જ્યાં કલા વણાઈ ગઈ હતી એવા શાંતિનિકેતનમાં મૃણાલિનીબહેને કેલુ નૈયર પાસે કથકલીનો પ્રાથિમક પરિચય મેળવ્યો. વળી ત્યાં મણિપુરી શીખવાની તક પણ ઝડપી.



ભરતનાટ્યમ્ નૃત્યકલા બાબતે વધુ ને વધુ ઉત્કંઠા સાથે એમની ગુરુઓની શોધ ચાલુ રહી. પહેલાં ચોખલિંગમ્ પિલ્લઈ મળ્યા, અને છેવટે તાંજવુર શૈલીના સ્રોતની ગંગોત્રીસમાં મીનાક્ષી સુંદરમ્ પિલ્લઈ. જેમણે થોડા દિવસોમાં કહી દીધું, 'તાંજવુર શૈલીને જીવંત રાખીને વિશ્વભરમાં એને લઈ જવાની ક્ષમતા કોઈમાં હોય તો મૃણાલમાં છે.' તમિળનાડુના તાંજવુર જિલ્લાના પંડનલ્લુર ગુરુકુળની શૈલી તે પંડનલ્લુર અથવા તાંજવુર શૈલી. ટટ્ટાર બેઠેલાં ઉદ્ગ્રીવ મૃણાલિનીબહેનના જીવંત વ્યક્તિત્વને દૂરથી ઓળખી શકાય, તેમ એમની શૈલીના નૃત્યને પણ. રંગમંચ પર કોઈ નૃત્યમાં સંગીતથી અભિન્ન સમર્થ સુરેખ હસ્તમુદ્રાઓ અને પદચલન જુઓ તો માનજો તે તાંજવુર શૈલીનું નૃત્ય છે.

રંગમંચની વચ્ચેની મર્યાદિત જગાને બદલે આઠે દિશા અને આકાશ તરફ સહજ રીતે વિસ્તરતાં સંકલિત વૃંદ-સંયોજનો જુઓ, જેને ધારણ કરતું anchoring બળ મજબૂત પરંપરામાં હોય અને અભિવ્યક્ત થતો વિચાર આધુનિક હોય, તો માનજો એની પર મૃણાલિનીબહેનના હસ્તાક્ષર છે. ભરતનાટ્યમ્‌ને મંદિરમાંથી ખુલ્લા રંગમંચ પર રુક્મિણીદેવી લાવ્યાં. મૃણાલિનીબહેને તેને ત્યાં સ્થિર કર્યું. સમકાલીનતાને સ્પર્શતી, આધુનિક વિષયને કેન્દ્રમાં રાખતી નૃત્યનાટિકાઓનાં મૂળ મૃણાલિનીબહેનની કલાત્મક રચનાઓમાં છે. Memory is a Ragged Fragment of Eternity નામની રચનામાં તેઓ ગુજરાતના લોકનૃત્યને પણ એના પોશાક સહિત ભરતનાટ્યમ્ સાથે રાખે છે, શબ્દનો ઉપયોગ કરતાં નથી અને કલાનું સ્તર નીચું લાવ્યા વિના દહેજની પ્રથાને નિમિત્ત બનાવી કુમળી વયની છોકરીના સ્વપ્નને રગદોળતી નિષ્ઠુર સામાજિક સ્થિતિનું સાધારણીકૃત નિરૂપણ કરે છે.

કવિ સિતાંશુ યશશ્ચન્દ્રે 'કેરલ કન્યા' નામનું કાવ્ય લખ્યું છે. ૧૯૪૨માં ડો. વિક્રમ સારાભાઈએ કરેલ જીવનસાથીની પસંદગી સંદર્ભે એ કાવ્યની એક પંક્તિ યાદ આવે : 'ભૂરી ભૂરી ઝાંય ભરેલી ઢેલ એની ચાલમાં, ને ઊડે છે આંખોમાં હંસ'. જોકે સિતાંશુભાઈએ આ કાવ્ય છેક ૧૯૭૭માં લખ્યું. अभिनयदर्पणम् કદાચ, વાંચ્યા વિના કલારસિક વૈજ્ઞાનિક વિક્રમભાઈ ગીતવાદ્યતાલાનુવર્તિની એવી કેરલ નૃત્યાંગનાને જીવનસાથી તરીકે પસંદ કરીને શાસ્ત્રીય નૃત્ય પ્રત્યે ઉદાસીન જ નહીં, પૂર્વગ્રહ ધરાવનાર ગુજરાતમાં સાત દાયકા પહેલાં લાવ્યા, તે ગુજરાતના સંસ્કારજીવન માટે દૂરગામી પરિણામ લાવનારી અનાયાસ ઘટના.

૧૯૪૯માં દર્પણ અકાદમીની સ્થાપના. એ પછી જે બન્યું તે ઇતિહાસ છે. આજ સુધીમાં ૨૫,૦૦૦ જેટલા શિષ્યો નૃત્યવિદ્યામાં તાલીમ પામ્યા, સંસ્થાએ ૧૦,૦૦૦ જેટલા કાર્યક્રમો આપ્યા, દેશવિદેશથી હજારો મુલાકાતીઓ આવ્યા, જેમાં વિખ્યાત કલાકારો પણ ખરા. આંકડા તો એક વાત, મૃણાલિનીબહેનને સવ્યસાચી (ambidextrous) કલાકાર તરીકે ઍવૉર્ડ મળે છે એટલે યાદ કરી લઈએ કે એમણે દર્પણ સંસ્થા દ્વારા શું શું કર્યું. સંસ્થાનો

સમૃદ્ધ નાટ્યવિભાગ એમણે ઊભો કર્યો, જેણે ૧૯૭૦ના દાયકામાં એમની સક્રિય ભાગીદારી સાથે ગુજરાતી મૌલિક નાટકોનો ઉત્સવ કરેલો, પછી ભવાઈ મહોત્સવ કરેલો અને દર્પણ હજુ ભવાઈ સંશોધન કરે છે. એક સમયે એના પપેટ્રી વિભાગની નામના હતી. નાટક અને નૃત્યને શાલીન ભગિનીઓ માનતાં મૃણાલિનીબહેને 'સ્વપ્નવાસવદત્તમ્' નાટકનો અંગ્રેજી અનુવાદ કર્યો છે અને તેનું સંસ્કૃત નાટ્યશૈલીમાં દિગ્દર્શન કર્યું છે. શી નવાઈ ? હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયના 'The Parrot'માં નાનપણમાં અભિનય કરીને છાપાના મથાળામાં ચમકેલાં.

દર્પણના અવિભાજ્ય અંગરૂપ એનો સંગીત વિભાગ છે, જે આધ્યાત્મિકથી માંડીને અતિઆધુનિક શૈલીમાં મંત્રમુગ્ધ કરે એવી સંગીતરચનાઓ કરવાનું પ્રાવીણ્ય ધરાવે છે. 'જનાવક' નામે એનો વિભાગ છે, જે ગુજરાતનાં મનોહર લોકનૃત્યોને રજૂ કરતું રહે છે; સંશોધન આધારિત કૃતિઓ સાથે ગુજરાતના ગ્રામ્ય પ્રદેશો સુધી 'પરિવર્તન માટે દર્પણ' વિભાગ નોંધપાત્ર સામાજિક પ્રદાન કરે છે; 'વૃક્ષમિત્રો'નું પર્યાવરણપ્રેમી જૂથ છે, જે વૃક્ષો કપાતાં હોય તેને બચાવવા પહોંચી જાય છે, એક સમયે મૃણાલિનીબહેન પણ જતાં. દર્પણ'નું અહિંસા કેન્દ્ર (Centre for Nonviolence) બૌદ્ધિકો, કલાકારો અને સાહિત્યકારોને માટે કલાભિવ્યક્તિ સાથે વિચારવિમર્શની તક ઊભી કરે છે.

પુત્રી, અને હવે દર્પણનાં સહનિયામક, મલ્લિકા સારાભાઈએ દસ વર્ષ પહેલાં એમને ભેટ ધરેલું, નામને સાર્થક કરતું એમ્ફી-થિયેટર નટરાણી છે, જ્યાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાના નૃત્ય-નાટક-સંગીત અને ક્યારેક કાવ્યવાચનના કાર્યક્રમો યોજાય છે. યુવા નર્તકોના વાર્ષિક ઉત્સવમાં અહીં દેશભરમાંથી આઠેય પ્રશિષ્ટશૈલીનાં રજૂ થતાં નૃત્યો આપણા સમૃદ્ધ નૃત્યવારસાની ઝાંખી કરાવે છે. હર વર્ષાન્તે અહીં યોજાતા ત્રિદિવસીય વિક્રમ સારાભાઈ આંતરરાષ્ટ્રીય કલામહોત્સવની કક્ષા એટલી ઊંચી હોય છે કે એ જોવા શહેર અને દેશમાંથી જ નહીં પરદેશથી પણ નામાંકિતો (celebrities) આવવા ચાહે છે.

ભરતનાટ્યમ્‌ની જેમ કથકલીને પણ રંગમંચના કેન્દ્રમાં સીમિત રહેવાની પરંપરામાંથી મુક્ત કરી મૃણાલિનીબહેને રંગમંચ પર મોકળાશથી ફરતું કરી બતાવ્યું. ખુલ્લા મંચ સમક્ષ મેદાનમાં અંધારામાં દૂર દૂર બેઠેલા હજારો પ્રેક્ષકો માટે કથકલી પ્રેક્ષણીય બનાવવાનું એટલે એનાં પોશાક, અલંકારો, મુખવટા અને મેકઅપ ભભકદાર રાખવાની પ્રણાલી. મૃણાલિનીબહેને એના વિના કથકલીમાં નૃત્યરચનાઓ કરી. 'મનુષ્ય' નામની રચનામાં જન્મથી દેહવિલય સુધીનું ઉત્ક્રાંત થતું જતું જીવન કેન્દ્રમાં છે, જે જોઈને તેઓ જવાહરલાલ નહેરુ જેવા રસિકોની પ્રશંસા પામેલાં. 'નળાખ્યાન' આ જ પ્રકારના કથકલીમાં હતું અને વળી ૨૦૦૧માં ફરી કર્યું ત્યારે માણ પર મલ્લિકા સારાભાઈ. કોઈ પણ નૃત્યપ્રકાર હોય, મૌલિકતાની છાપ તો હોય જ. એમની શકુંતલા ઋષિ કણ્વ અને રાજા દુષ્યંતને ઔચિત્ય પ્રશ્નો કરે. ભારતીય વિજ્ઞાન પરની રચના 'ધ ડાન્સ ઑવ્



લાઇફ' ડૉ. કલામ જેવા વૈજ્ઞાનિકોએ વધાવી. 'તાશેર દેશ'માં માત્ર ધાર્મિક નહીં - જે ટાગોરને અભિપ્રેત હતું - કોઈ પણ મુક્ત ઉન્મેષને ગૂંગળાવતા બળથી મુક્ત થવાનું મૌલિક ઇંગિત તેમણે મૂક્યું અને તે ચીનમાં પણ ભજવી આવ્યાં !

મૃણાલિનીબહેન સંચાલક, નૃત્યાંગના, દૃશ્યસર્જક, કવિ, લેખક, રૂપાંતરકાર, નાટ્ય-દિગ્દર્શક, અનેક ભાષાઓ જાણનાર, હસ્તકૌશલકલા અને પર્યાવરણ વત્સલ, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને ચરિતાર્થ કરનાર, ગુજરાતનું સંસ્કાર સંવર્ધન કરનાર અને વિશ્વભરના કલામંડળમાં ભારતની ઉજ્જ્વળ છબિ પ્રક્ષેપિત કરનાર બહુમુખી પ્રતિભા છે. પોતાના કુટુંબની બે પેઢીઓને એમણે આધુનિકતા સહિતના કલાપ્રેમનો વારસો આપ્યો છે અને દર્પણ એક પરંપરા બની રહે એનું ધ્યાન રાખ્યું છે.

વર્ષો પહેલાં કુચિપુડી ગુરુ સી.આર.આચાર્યલુ કેરળ છોડી દર્પણને પોતાનું નિવાસ બનાવવા આવ્યા. આત્મકથામાં મૃણાલિનીબહેને શાહીબાગમાં પ્રથમ મુલાકાતનું સુંદર વર્ણન કર્યું છે. સદ્યસ્નાતા તેમણે ખુલ્લા કેશ સાથે શ્વેત સુતરાઉ સાડીમાં ઊભા રહી લાંબી મુસાફરીની તકલીફ વગેરે અંગે તેમની સાથે વાતો કરી. થોડી વાર પછી ગુરુજીએ પૂછ્યું, '... પણ હું મૃણાલિની સારાભાઈને ક્યારે મળી શકીશ ?' 'આ સામે તો ઊભી છું !' મૃણાલિનીબહેને કહ્યું. ગુરુજી આશ્ચર્યચકિત ! આ સીધી-સાદી છોકરી મૃણાલિની ?! મને તો એમ કે ચમકદાર પોશાક અને મોંઘાં આભૂષણો પહેરેલાં હોય તમે ?' મૃણાલિનીબહેને સરળતાથી કહેલું, 'તમે સૌ તો મારાં રત્નો છો !' સૌન્દર્યદૃષ્ટિ સાથે સરળતા અને નમ્રતા મૃણાલિનીબહેને જીવનભર સાચવ્યાં છે. નટરાણીમાં વાતો કરતો અનેક વાર એમની બાજુમાં બેઠો છું. એ પણ યાદ આવે છે કે જે ગુરુ આચાર્યલુજીની વાત કરી તેમની સાથે મૃણાલિનીબહેનને મારે ઘરે સત્કારવાનો લાભ પણ મને મળ્યો છે.

નારાયણભાઈની જેમ એક અધિકારી પ્રતિભાને સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ મળી રહ્યો છે, તે દ્વારા એ માટે એક ઉચ્ચ માપદંડ સ્થાપિત થઈ રહ્યો છે. એ અવસરના સહભાગી બનવાનો મને આનંદ છે.

**– એસ. ડી. દેસાઈ**

---

**(આઠમા પાનાનું ચાલુ)**

'Dr. Hariprasad Shastri is born far Epigraphy'. ઇતિહાસ તથ્યો(facts)ની ચર્ચા કરે છે 'नामूलं लिख्यते किंचित्' એને કેન્દ્રમાં રાખીને શાસ્ત્રીસાહેબે ઇતિહાસલેખન કર્યું છે, એટલે જ ઉમાશંકર જોશીએ તેમને 'તથ્યોના ચાહક' કહ્યા છે. શિક્ષણ-જગતમાંથી ઇતિહાસ વિષયની અવનતિ થઈ રહી છે ત્યારે સાહેબના મૃત્યુએ ગુજરાતના ઇતિહાસ-લેખનને વધુ આઘાત પહોંચાડ્યો છે.

**– થૉમસ પરમાર**

## શ્રદ્ધાંજલિ

# આગવી પ્રતિભાની વિદાય



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિદ્યાપ્રવૃત્તિમાં જીવંત રસ લેનાર શ્રી પ્રતાપભાઈ ભોગીલાલનું ગઈ ૮મી ઑગસ્ટે સવારે ૩-૩૦ વાગ્યે દુઃખદ અવસાન થયું. ઈ. સ. ૧૯૧૬ની ૨૫મી ઑક્ટોબરે જન્મેલા પ્રતાપભાઈએ પુણેની ડેક્કન કૉલેજમાં અભ્યાસ કર્યા બાદ તેમણે મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયમાં સ્નાતક થયા પછી મુંબઈની વીડેટીઆઈ ઇન્સ્ટિટ્યૂટમાંથી ટેક્સ્ટાઈલ ટેક્નૉલોજીનો અભ્યાસ કર્યો હતો.

પ્રતાપ ભોગીલાલ બાટલીબોય લિમિટેડ, શ્રી રામ મિલ્સ, હિન્દુસ્તાન પોલિમર્સ અને અન્ય કંપનીઓના પ્રમોટર હતા તેમજ વિપ્રો લિમિટેડ, ભારત ફોર્જ લિમિટેડ, ઑટોમોટિવ લિમિટેડ, ઇન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા તથા બૅન્ક ઑફ ઇન્ડિયા લિમિટેડના ભૂતપૂર્વ ડિરેક્ટર હતા. તેમણે બોમ્બે મિલ ઑનર્સ ઍસોસિયેશન, બોમ્બે ટેક્સ્ટાઇલ રિસર્ચ ઍસોસિયેશન અને ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના પ્રમુખ તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.

સમાજકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ સાથે પણ સતત સંકળાયેલા રહ્યા. તેમાં ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, (નવી દિલ્હી), નોર્થ ગુજરાત ઍજ્યુકેશન સોસાયટી, (પાટણ), ગુજરાત ભગવતી ઇન્ટરનેશનલ સ્કૂલ, (પાટણ), વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન (મુંબઈ), વિજય વલ્લભસ્મારક, (નવી દિલ્હી), લક્ષ્મી ઍજ્યુકેશન સોસાયટી, (મુંબઈ), ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન, (મુંબઈ), લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ, (મુંબઈ), મોતીચંદ અમીરચંદ રિલિજિયસ ઍન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ, (મુંબઈ) જેવી સંસ્થાઓના નિર્માણમાં સહયોગી બન્યા હતા.

શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ એમની કાર્યકુશળતા, સિદ્ધાંતનિષ્ઠા અને વ્યવસ્થાશક્તિને લીધે તેઓ અનેક સંસ્થાઓ અને મંડળોમાં અગ્રસ્થાન પામ્યા હતા. સંસ્થાને માટે અથાગ મહેનત કરે, પરંતુ ક્યારેય તેઓ કોઈ સ્થાનની અપેક્ષા રાખતા નહીં. સતત નવા વિચારો અને અવિરત ઉત્સાહ એ એમના જીવનમાં જોવા મળતા હતા. એમના જીવનમાં એટલી નિષ્ઠા, નિયમિતતા અને ચીવટ હતી કે જે કામ હાથ પર લે, એને પૂરું કરવા માટે રાતદિવસ અથાગ પરિશ્રમ કરતા હતા. એમની દીર્ઘદૃષ્ટિને કારણે સમાજ, ઉદ્યોગ અને ધર્મ એ ત્રણે ક્ષેત્રોમાં એમણે આગવું કાર્ય કર્યું હતું. શિક્ષણ માટે એમને અગાધ પ્રેમ હતો અને વારંવાર કહેતા પણ ખરા કે શિક્ષણ માનવીને સંપૂર્ણ બનાવે છે.

**(અનુસંધાન અઢારમા પાને)**



## વિશ્વકોશવૃત્ત

### જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે ઑગસ્ટ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૪, બુધવાર** : વિષય : ગિરનાર : પરિક્રમા અને અનુભવો
વક્તા : શ્રી સંજય ચૌધરી

**૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪, બુધવાર** : વિષય : વિશ્વનો આજનો વિકાસ : કઈ દિશામાં ?
વક્તા : શ્રી કાર્તિકેય સારાભાઈ

### લલિતકલાકેન્દ્ર

◈ **૬ સપ્ટેમ્બર ૨૦૧૪, શનિવાર, સાંજના ૫-૩૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલાકેન્દ્રના ઉપક્રમે શ્રી અમિત અંબાલાલનાં રેખાંકનો અને જળરંગી ચિત્રોના પુસ્તકનું વિમોચન તથા કલાવીથિકામાં શ્રી અમિત અંબાલાલના જળરંગી ચિત્રોના રિ-પ્રોડક્શનનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. ઈ. સ. ૧૯૭૦થી ૨૦૧૪ સુધીના ગાળામાં શ્રી અમિત અંબાલાલે દોરેલા રેખાંકનો અને જળરંગી ચિત્રોમાંથી બ્રિટનના જાણીતા ચિત્રકાર-કલાવિવેચક Timothy Hyman દ્વારા પસંદ કરાયેલાં ચિત્રોના આર્ચર દ્વારા પ્રકાશિત પુસ્તક 'Amit Ambalal : The Unseen Drawings and Watercolours'નું વિમોચન શ્રી સંજય લાલભાઈના હસ્તે કરવામાં આવશે તેમજ આ પ્રસંગે ચિત્રકાર શ્રી અતુલ ડોડિયા પ્રાસંગિક વક્તવ્ય આપશે તથા વિશ્વકોશની કલાવીથિકામાં ચિત્રપ્રદર્શન યોજાશે.

◈ **૨૦ સપ્ટેમ્બર ૨૦૧૪, શનિવાર, સાંજના ૬-૦૦ :**

ગુજરાત વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અને અગસ્ત્ય ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પંડિત રઘુનંદન પાંશીકર હિંદુસ્તાની શાસ્ત્રીય પ્રસ્તુત કરશે. પંડિત રઘુનંદન પાંશીકરને ગાનસરસ્વતી કિશોરી અમોનકર પાસે ૧૭ વર્ષ સુધી જયપુર ઘરાણાની ગાયકીની સઘન તાલીમ લેવાનો મોકો મળ્યો. ઘણા મરાઠી ચિત્રપટોમાં સંગીત આપનાર તેઓ શ્રીમતી માણિક વર્મા પુરસ્કાર સ્વરયોગિની ડૉ. પ્રભા અત્રે એવૉર્ડ જેવા અનેક પુરસ્કારોથી સન્માનિત છે.

### અન્ય કાર્યક્રમ

◈ **૨૧ સપ્ટેમ્બર ૨૦૧૪, રવિવાર, સાંજના ૫-૦૦ :**

'ગુજરાતી ભાષામાં વિશ્વકોશ હોવો જોઈએ જ' એવી ભાવના રાખનાર અને ગુજરાતી ભાષા માટે વિશ્વકોશનું સ્વપ્ન સેવનાર તથા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં મહત્ત્વનું યોગદાન કરનાર અને પ્રેરણા આપનાર પૂ. શ્રીમોટાની સ્મૃતિમાં એક કાર્યક્રમ

યોજ્યો છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને હરિ ૐ સત્સંગ મંડળ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે પૂ. શ્રીમોટાના જીવનકાર્યને અંજલિ અર્પતા આ કાર્યક્રમમાં કુમારપાળ દેસાઈ અને રાજેશ વ્યાસ 'મિસ્કીન' પૂજ્ય શ્રીમોટા વિશે વક્તવ્યો આપશે.

**◈ ૨ ઑક્ટોબર ૨૦૧૪, ગુરુવાર, સાંજના ૫-૦૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે 'ગાંધીજી અમદાવાદમાં' એ વિષય પર ડૉ. માણેકલાલ પટેલ 'સેતુ' વ્યાખ્યાન આપશે. ઇંગ્લેન્ડથી પાછા આવ્યા બાદ ઈ. સ. ૧૯૧૫ની સોળમી જાન્યુઆરીએ અમદાવાદમાં આવેલા મહાત્મા ગાંધીજીએ આશરે પંદર વર્ષ સુધી અમદાવાદમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરી હતી. જેમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના અને દાંડીયાત્રા એ મહત્ત્વના છે. આ વ્યાખ્યાનમાં ગાંધીજીએ અમદાવાદમાં કરેલી પ્રવૃત્તિઓ, સ્થાપેલી સંસ્થાઓ તેમજ અન્ય રસપ્રદ વિગતોની દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુતિ થશે.

## ગુજરાત સાહિત્ય સભા

**◈ ૧ સપ્ટેમ્બર ૨૦૧૪, સોમવાર, સાંજના ૫-૩૦ :**

ઈ. સ. ૨૦૧૨નો રણજિતરામ સુવર્ણચંદ્રક જાણીતા કલાવિદ્ અને નૃત્યશૈલીના લેખક શ્રી સુનિલ કોઠારીને સંસ્થાપ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈના વરદ હસ્તે અર્પવાનો સમારોહ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે કથકનૃત્યવિદ્ શ્રીમતી કુમુદિની લાખિયા વક્તવ્ય આપશે.

**◈ ૪ ઑક્ટોબર ૨૦૧૪, શનિવાર, સાંજના ૫-૦૦ :**

ગુજરાત સાહિત્ય સભા દ્વારા દર્શક જન્મશતાબ્દી નિમિત્તે શ્રી પ્રકાશ શાહ 'દર્શકનું વિચારવિશ્વ' એ વિષય પર વ્યાખ્યાન આપશે.

## અન્ય કાર્યક્રમ

**◈ ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૪, રવિવાર, સાંજના ૬-૦૦ :**

'અનાહત' સંસ્થા દ્વારા હાસ્યપ્રધાન નાટ્યાંશોની પ્રસ્તુતિ.

## શ્રી ગોવર્ધન પંચાલ શતાબ્દીસમારોહ - ૨૦૧૩-૨૦૧૪

ભરત નાટ્યશાસ્ત્ર અને સંસ્કૃત નાટ્યમંડપના કર્મઠ સંશોધનકર્તા શ્રી ગોવર્ધન પંચાલની જન્મશતાબ્દીની ઉજવણી એમના મિત્રો અને સહયોગીઓ દ્વારા ૨૦૧૩-૧૪ના વર્ષ દરમિયાન ૨૧ જુલાઈ, ૨૦૧૩થી ૨૭ જુલાઈ, ૨૦૧૪ સુધી અનેક કાર્યક્રમો દ્વારા સંપન્ન થઈ. ઉજવણીનો આરંભ વિશ્વકોશ ટ્રસ્ટમાં થયો. કુમારપાળ દેસાઈ, હસુભાઈ યાજ્ઞિક, રાજુ બારોટ, જનક દવે અને હસમુખ બારાડીએ આખા વર્ષ દરમિયાનની ઉજવણી-પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો.

શ્રી પંચાલદાદાની જન્મશતાબ્દીનો સમાપન સમારંભ ૨૬-૨૭ જુલાઈ, ૨૦૧૪ના બે



દિવસ દરમિયાન ગોઠવાયો. એમાં ગોવર્ધન પંચાલના શિષ્યો અને હવે તો રાષ્ટ્રીય ખ્યાતિ પામેલા નટો-દિગ્દર્શકોમાં શ્રી એમ. કે. રૈના અને સુનીલ કોઠારી, દિલ્હીથી અને મુંબઈથી દર્શનાબહેન ઝવેરી, વડોદરાથી માર્કંડ ભટ્ટ, મહેશ ચંપકલાલ, ફણિસાઈ ચારી ગુજરાત વિશ્વકોશ ભવનમાં ઊમટી પડ્યાં. સ્થાનિક નિષ્ણાતો મલ્લિકા સારાભાઈ, એસ.ડી. દેસાઈ, કુમારપાળ દેસાઈ, ભાગ્યેશભાઈ જહા, મન્વીતા અને હસમુખ બારાડી એમાં જોડાયાં. દાદાની કાંસ્ય અર્ધપ્રતિમાનું થિયેટર મીડિયા સેન્ટરના પ્રાંગણમાં શ્રી માર્કંડ ભટ્ટે અનાવરણ કર્યું, અને જનક દવેએ હસમુખ બારાડીના 'સુયોધન' નાટકના મંચનને નિસર્ગ ત્રિવેદી, વૈશાખ રાઠોડ અને રવિના અભિનયથી સુશોભિત કર્યું. શ્રી ગોવર્ધન પંચાલની ઇચ્છા મુજબ એક ભાણ નાટક 'કર્પૂરચરિતમ્'નું મંચન કરવાનું આયોજન તો હતું, પણ હાલ પૂરતું રાજુ બારોટના ડ્રામેટિક વાંચનથી જ એમના મિત્રો અને સહયોગીઓએ સંતોષ માન્યો.

નાટકોનાં મંચન માટે વિકૃષ્ટ મધ્ય નાટ્યમંડપની જે કલ્પના શ્રી ગોવર્ધન પંચાલે કરી હતી એ મુજબનો રંગ એટલે કે તખ્તો અને શૈલ ગુહાકાર પ્રવેશદ્વારનો સમગ્ર પરિસર થિયેટર મીડિયા સેન્ટરના બ્લૅક બૉક્સ થિયેટરમાં ઊભો કરવામાં આવ્યો હતો.

સેમિનાર પછી શ્રી ગોવર્ધન પંચાલને સમર્પિત ચાર સચિત્ર પુસ્તકોનું પ્રકાશન હિન્દી અને અંગ્રેજીમાં થયું. એમાં હિન્દી અને અંગ્રેજી પુસ્તકો અનુક્રમે 'પત્ર જો પોસ્ટ ન હો સકા' અને 'ધ અન પોસ્ટેડ લેટર'નું પ્રકાશન થિયેટર મીડિયા સેન્ટરે કર્યું; અસાઇત સાહિત્ય સભા, ઊંઝાએ સચિત્ર 'કર્મશીલ વિદ્વાન'ના નામે એની જીવનઝરમર, અને પરિચય ટ્રસ્ટે એક પુસ્તિકા 'રંગપરિવ્રાજક ગોવર્ધન પંચાલ' દ્વારા ગુજરાતી વાચકોને એમનો સઘન પરિચય કરાવવાનું બીડું ઝડપ્યું. હવે ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર 'પોસ્ટ ન થયેલો પત્ર' નામે શ્રી ગોવર્ધન પંચાલના ગુજરાતી લેખોનું સંપાદન ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરશે.

---

**(પંદરમા પાનાનું ચાલુ)**

એમણે હંમેશાં જૈન ધર્મના સિદ્ધાંતોનો જીવનલક્ષી રૂપે અને વ્યવસાયનો રાષ્ટ્રિય હિતની દૃષ્ટિએ વિચાર કર્યો હતો. પાટણ નગર પ્રત્યે અગાધ પ્રેમ ધરાવનાર શ્રી પ્રતાપભાઈએ મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીને એમના જીવનમાં ગુરુપદે સ્થાપ્યા હતા.

એમણે પંડિત રાખીને સંસ્કૃતનો અભ્યાસ કર્યો, વાયોલિન અને હાર્મોનિયમ વગાડી જાણતા હતા. બ્રીજના પણ શોખીન હતા અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે જ્યારે એના ભવનને માટે નામકરણની વાત કરી, ત્યારે એમણે એમના ગુરુ મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી અને એમના પત્ની ભગવતીબહેનનાં સંયુક્ત નામ રાખીને ભવનનું નામ 'મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતી-ભગવતી વિશ્વકોશ ભવન' એમ સૂચવ્યું હતું. વિશ્વકોશ સંસ્થા એના આ માર્ગદર્શક સ્વજનને શ્રદ્ધાંજલિ આપે છે.



૧૫૮૦થી ૧૯૪૭ સુધીનાં ઐતિહાસિક વ્યક્તિચિત્રો(પોર્ટ્રેટ)નું પ્રદર્શન



'૧૫૮૦થી ૧૯૪૭ સુધીનાં ઐતિહાસિક વ્યક્તિચિત્રો(પોર્ટ્રેટ)ની મુદ્રણકલાની વિકાસગાથા' વિશે અનિલ રેલિયા

રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા 'ગોરા' વિશે નિરંજન ભગત





'વાર્તા ક્યાંથી મળે છે ?' વિશે રજનીકુમાર પંડ્યા

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999

દર મહિનાની ૫મી તારીખે પ્રકાશિત


# ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી



ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને
ઉજાગર કરતી દરેક સંસ્થા, ગ્રંથાલય અને
વ્યક્તિએ વસાવવા જેવી



૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦થી વધુ વિદ્વાનો અને
લેખકોએ લખેલાં ૧૬૯ વિષયનાં ૨૩,૦૦૦થી
વધુ લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને
અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત
વિશાળ જ્ઞાનસંચય

વિવિધરંગી વાચનસામગ્રી
ધરાવતાં ગ્રંથ ૧ થી ૨૫ સુધીની



આ શ્રેણીની કિંમત
રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે.



મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ